વર્ષ : ૫ અંક : ૧૨ માર્ચ–૨૦૨૩

# પલાશ






## શ્રી ઝવેરચંદ મેઘાણી
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

# જિલ્લા કક્ષા ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૨-૨૩




















વર્ષ : ૫

# પલાશ

અંક : ૧૨

અધ્યક્ષ : ડૉ. સી. ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર પંડયા
સહતંત્રી : ડૉ. રાજનકુમાર પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઈ યુ. દંગી
ડૉ. મનીષભાઈ એન. પંડયા
શ્રી જયેન્દ્રભાઈ જે. જોશી
ડૉ. સુમનબહેન જી. પંડયા
ડૉ. પીયૂષભાઈ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઈ કે. ગોસાઈ

**સંપાદક મંડળ**

શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસ
ડૉ. કેતનભાઈ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઈ વાઘેલા
શ્રી હિતેશભાઈ ઠાકર
શ્રી જાતુશભાઈ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
ડૉ. નીતિનભાઈ પંચાલ
શ્રી ધનજીભાઈ વાલેરા
શ્રી મુકેશભાઈ બદ્રેશિયા
શ્રી પુનાભાઈ વકાતર

## અધ્યક્ષીય...

ગુરૂજનો, પ્રણામ...

વસંત અને પાનખર બંને ઋતુ આપણને જીંદગી જીવવાનો સંદેશ આપે છે. શાળાઓનું એક્રિડીએશન વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા SI નાં માધ્યમથી થાય છે. જેનાં પરિણામો શાળાઓને પ્રાપ્ત થયેલા છે. જેમાં ઘણી શાળાઓમાં આચાર્યશ્રીઓ અને શિક્ષકો દ્વારા ઉત્તમોત્તમ કાર્ય થયું છે. હજુ અમુક શાળાઓમાં નિર્જીવતા છે, પાનખર છે. જે શાળાઓમાં વસંતનો વૈભવ થાય અને શાળાઓના ગુણાંકન ગ્રેડમાં સુધારો થાય તેવી શ્રધ્ધા છે.

જે શાળાઓ યેલો, રેડમાં છે તેવી શાળાઓના આચાર્ય શાળાના વિકાસની બ્લુ પ્રિન્ટ બનાવી શાળાના ગ્રેડ સુધારણાનો મેપ બનાવે તો મંઝિલ કયાં દૂર છે.

બેસી રહેવાથી શું વળે આદિલ,
પગ ઉપાડો તો મંઝિલ છે સામે

શુભમ્ ભવતુ ।

**પત્રવ્યવહાર - સંપર્ક**

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩ ૧૭૦
મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭

E-mail : palash.dietsnr@gmail.com
Blog : dietsurendranagar.blogspot.com
Website : www.dietsnr.org

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.**

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | ઇનોવેશન ફેસ્ટિવલ અહેવાલ | 03 |
| 2 | PSTE News | 04 |
| 3 | ગુરૂકુળ | 05 |
| 4 | સારસ્વત સન્માનોત્સવ યાદી | 08 |
| 5 | સારસ્વત સન્માનોત્સવ અહેવાલ | 10 |
| 6 | ૫૦ મું રાજ્યકક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન અહેવાલ | 11 |
| 7 | માતૃભાષાનું મહત્વ | 13 |
| 8 | હું શિક્ષક છું | 14 |
| 9 | સંસ્થા સમાચાર | 16 |


## લેખકો માટે

- પલાશ માટેના લેખ શ્રુતી ફૉન્ટ, સાઈઝ 12 માં કોમ્પ્યુટરાઈઝડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ-મેઇલ એડ્રેસ પર મોકલવા અને ભાવ-પ્રતિભાવો પણ ઉપરના ઇ-મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્તન ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેની માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય, સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઈએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહી.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. એ અંગેનો વિશેષ પત્ર વ્યવહાર કરવો નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતાં વિચાર-વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહીં.

## ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પ્રેરિત અને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર આયોજિત આઠમા એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલ- અહેવાલ

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પ્રેરિત અને જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરેન્દ્રનગર આયોજિત આઠમાં એજ્યુકેશન ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન સંદર્ભે તા.13/12/2022 દરમિયાન ડાયેટ ખાતે ઇનોવેશન શેરીંગ કાર્યશિબિરનું આયોજન કરવામાં આવેલ.આ કાર્યશિબિરમાં તમામ તાલુકામાંથી ક્લસ્ટરદીઠ ઇનોવેશનમાં રસ ધરાવતા શિક્ષકને બોલાવવામાં આવ્યા હતા.તમામ શિક્ષકોએ પોતાની શાળામાં કરેલ ઇનોવેટીવ પ્રવૃત્તિનું શેરીંગ કરેલ અને ડીઆઈસીકૉ, કેઆરપી તેમજ અન્ય શિક્ષકો દ્વારા તેમાં જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.આ કાર્યશિબિરમાંથી 47 ઇનોવેશનની જીલ્લા કક્ષાના ઇનોવેશન ફેસ્ટિવલ માટે પસંદગી કરવામાં આવી હતી.

પસંદ થયેલ 47 ઇનોવેટીવ શિક્ષકોને ઇનોવેશન સ્ક્રીપ્ટ રાઈટીંગ માટે તા.19/12/2022 અને તા.20/12/2022 ડાયેટ ખાતે કાર્યશિબિરમાં બોલાવવામાં આવેલ. આ કાર્યશિબિરમાં નિયત નમુનામાં સ્ક્રીપ્ટ રાઈટીંગ કરવામાં આવ્યું.તા.27/12/2022 થી  તા.29/12/2022 ના આ તમામ ઇનોવેટીવ શિક્ષકોના ઇનોવેશનનું વિડીયો રેકોર્ડીંગ કરવામાં આવ્યું.

તા.12/01/2023 અને તા.13/01/2023 દરમિયાન દાદા ભગવાન ત્રિમંદિર, મુળી રોડ,સુરેન્દ્રનગર ખાતે જીલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું.તા. 12 ના રોજ જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી  નરેન્દ્રભાઈ મુંજપરા સાહેબના હસ્તે ઇનોવેશન ફેસ્ટિવલનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં મૂકેશભાઈ કટારીયા, દેવાભાઈ સભાડ, કિરતારસિંહ ગોહિલ,તથા અન્ય મહાનુભવો ઉપસ્થિત હતા.કાર્યક્રમની શરૂઆત પ્રજ્ઞાચક્ષુ સેવાકુંજની દીકરીઓ દ્વારા પ્રાર્થનાગીતની રજૂઆત દ્વારા થઇ હતી. રામગઢ પ્રા.શાળાના એચ ટાટ આચાર્યાશ્રી સંજ્ઞાબેન આચાર્ય  દ્વારા અભિનયગીતની રજૂઆત સાથે કાર્યક્રમ શરુ કરવામાં આવ્યો.જીલ્લામાં વિશેષ પ્રતિભા ધરાવતા ડૉ.દીપક મહેતા,સુરેશ ધોરીયા, મુકેશ બદ્રેશીયા, કેતન ગદાણી, ભરત દેવૈયા અને પાંચ શિક્ષકમિત્રોનું સન્માન કરવામાં આવ્યું હતું.ડાયેટ પ્રાચાર્યશ્રી ડૉ.સી.ટી ટુંડિયા સાહેબ સ્વાગત પ્રવચન અને ઇનોવેશનની વાતો કરી, મહેમાનોનું સ્વાગત, ઇનોવેશન બુક્લેટનું વિમોચન કરીને ઇનોવેશન ફેસ્ટિવલ ખુલ્લો મુકવામાં આવ્યો.

૪૭ ઇનોવેટીવ શિક્ષકોના સ્ટોલ ઉપરાંત પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ,થેલેસેમિયાના બાળકો માટે સ્વૈચ્છિક બ્લડ ડોનેશન કેમ્પ, ગુજરાત સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત પુસ્તક પ્રદર્શન અને વેચાણ કેન્દ્ર કાવ્યાયન-૬ આ ઇનોવેશન ફેસ્ટિવલનું આકર્ષણ કેન્દ્ર રહ્યા. દિવ્ય જીવન સંઘ, શિવાનંદ આશ્રમ, રતનપર દ્વારા તમામ મુલાકાતી શિક્ષકોની 1,200 શ્રીમદ ભગવત ગીતા અર્પણ કરવામાં આવી.

તા. 13 ના દિવસે કાર્યક્રમની શરૂઆત પ્રજ્ઞાચક્ષુ સેવાકુંજની દીકરીઓ દ્વારા પ્રાર્થનાગીતની રજૂઆત દ્વારા થઇ હતી.કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયક દંડક શ્રી જગદીશ મકવાણા, સાહિત્યકાર શ્રી ડૉ.જગદીશ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા અને તમામ ઇનોવેશન સ્ટોલની મુલાકાત લીધી હતી.

બપોરબાદ કાર્યક્રમમાં પ્રજ્ઞાચક્ષુ સેવાકુંજમાંથી પદ્મશ્રી મુક્તાબેન ડગલી ઉપસ્થિત રહ્યા હતા.તમામ ઇનોવેટીવ શિક્ષકોને શિલ્ડ,પ્રમાણપત્ર,ઇનોવેશનની બુકલેટ અને બેગ એનાયત કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડાયેટ લેકચરર અને DIC કૉ. ડૉ.કે.આર.પંડ્યા અને તેમની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું.

## PSTE News

૧૨/૧/૨૦૨૩

બીએડ્‌ના બંને વર્ષના તાલીમાર્થીઓ દ્વારા ડાયેટ દ્વારા યોજાયેલા જીલ્લાના ઇનોવેશન ફેર ૨૦૨૩ની મુલાકાત લેવાયેલ . શિક્ષકોના વિવિધ ઇનોવેટીવ વિચારોથી તાલીમાર્થીઓ પરિચિત થયા ત્યાર બાદ શૈક્ષણિક સંસ્થા મુલાકાત અંતર્ગત અંધ અપંગ પ્રજ્ઞા ચક્ષુ બહેનોની સંસ્થાની મુલાકાત લેવાય તેમાં માર્ગદર્શક તરીકે પિયુષભાઈ મહેતા અને ખ્યાતિબેન હાજર રહ્યા હતા.

૨૫/૧/૨૦૨૩





રાષ્ટ્રીય મતદાન દિવસ અંતર્ગત પ્રતિજ્ઞા, વ્યાખ્યાન અને પોસ્ટર બનાવવા વગેરે જેવા કાર્ય બીએડ્‌નાં પ્રથમ વર્ષના તાલીમાર્થીઓ દ્વારા કાર્ય કરાયું. મતની શું કિમત છે તે અંગે ડાયેટનાં અધ્યાપકો ખ્યાતિબેન અને સુમનબેન દ્વારા માહિતગાર કરાયા.

૨૬/૧/૨૦૨૩

પ્રજાસત્તાક દિન અંતર્ગત સંસ્થામાં બીએડ્‌નાં તાલીમાર્થીઓ અને અધ્યાપકો દ્વારા ધ્વજ વંદન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. ત્યારબાદ બીએડ્‌નાં તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની સુંદર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમ સુંદર બનાવવા માટે ખ્યાતિબેન તેરૈયા માર્ગદર્શિકા તરીકે રહ્યા.

૨૭/૧/૨૦૨૩

પરિક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં બીએડ્ બંને વર્ષના તાલીમાર્થીઓ અને અધ્યાપકો દ્વારા જોવામાં આવ્યો.


૨૨/૨/૨૦૨૩



G૨૦ SUMMIT અંતર્ગત તા. ૨૨/૨/૨૦૨૩નાં રોજ પ્રાર્થના કાર્યક્રમોમાં બીએડ્‌નાં બીજા વર્ષના તાલીમાર્થીની જલ્પાબા દ્વારા ખુબજ સુંદરરીતે વક્તવ્ય આપવામાં આવ્યું. જેમાં ખ્યાતિબેન દ્વારા બીએડ્‌નાં તાલીમાંથીઓને માર્ગદર્શિત કરવામાં આવ્યા.

૨૫/૨/૨૦૨૩

G20 The G20 or Group of 20 is an intergovernmental forum comprising 19 countries and the European Union. DIGITAL TRANSFORMATION થીમ પર બીએડ્‌નાં બંને વર્ષના તાલીમાંથીઓ દ્વારા ચર્ચા કરવામાં આવી આ થીમ પર એક ગ્રુપ દ્વારા પ્રસ્તાવ અથવા દરખાસ્ત માટે અને તેની વિરુદ્ધમાં કારણો આગળ વધારવામાં આવે છે. દલીલ. બાજી ખુબજ તંદુરસ્ત રીતે થઈ. આ ડીબેટમાં માર્ગદર્શિકા તરીકે અધ્યાપક ખ્યાતિબેન તેરૈયા અને ડો.સુમનબેન પંડ્યા હાજર રહ્યા.




૨૭/૨/૨૦૨૩

હું છું શિક્ષક

૬/3 /૨૦૨૩ to ૧૦/3/૨૦૨૩

iite - ગાંધીનગર દ્વારા વાર્ષિક પાઠ :- સેમ ૪ની યોજાયેલ

૧૩/3/૨૦૨૩ થી ચાલુ

TAT/TET FREE LECTURES ફક્ત બીએડ્‌નાં તાલીમાર્થીઓ અને ભૂતપૂર્વ તાલીમાર્થીઓ માટે

# ગુરુકુળ

- ડૉ.સી.ટી. ટૂંડિયા

ગુરુકુળ એટલે કલાભવન, ગુરુ-શિક્ષકને રહેવાનું સ્થાન. ગુરુને ઘેર કુટુંબી તરીકે રહીને વિદ્યાભ્યાસ કરવાની પ્રાચીન પદ્ધતિ પ્રમાણે જ્યાં શિક્ષણ આપવામાં આવતું હોય એવી શિક્ષણ સંસ્થા. બ્રહ્મચારી તથા બ્રહ્મચારિણીઓને શિક્ષણ આપવા માટેનું વિદ્યાધામ. વિદ્યાર્થી ગૃહવાળું વિશ્વવિદ્યાલય એટલે ગુરુકુળ.

આપણાં ગુરુકુળો સદીઓથી સમતા, મમતા, સમાનતા અને સમરસતાના સેવાભાવની વાટિકા જેવાં રહ્યાં છે. નાલંદા અને તક્ષશિલા જેવાં વિશ્વવિદ્યાલયો ભારતની **ગુરુકુળ** પરંપરાના વૈશ્વિક વૈભવનો પર્યાય રહ્યાં હતાં. તે જમાનામાં ગુરૂની વ્યાખ્યા જુદી હતી. ગુરૂ શિષ્યની પાસેથી કશાની અપેક્ષા રાખતો નહોતો. પોતાનું સર્વસ્વ, પોતાની સર્વ વિદ્યા તે શિષ્યને અર્પણ કરતો.

મર્યાદાપુરુષોત્તમ ભગવાન રામચંદ્રજી ગુરૂ વશિષ્ઠ ઋષિના આશ્રમમાં વિધ્યાધ્યયન કરે છે અને જ્ઞાન પ્રાપ્ત કરે છે. તેઓ વેદવિદ્યા અને ધનુર્વિદ્યા પણ ભણે છે. વિદ્યાર્થી વિનય પ્રાપ્ત કરે છે. ગુરૂના આશ્રમમાં અને આશ્રયમાં રહેવાથી શીલ મળે છે. ગુરૂને ઘેર ગરીબ અને શ્રીમંત ભેગા રહી ભણે છે, સાથે કામ કરે છે અને સૌજન્યનો વિદ્યા સાથે સમન્વય થાય છે.

ઇંગ્લેન્ડમાં પ્રથમ શાળા ઈ.સ. ૧૮૧૧માં ખોલવામાં આવી હતી. જે સમયે ભારતમાં ૭,૩૨,૦૦૦ ગુરુકુળ હતાં. ગુરુકુળ એટલે આજના જમાનાની બોર્ડિંગ (Hostel) શાળા. Hostel એટલે છાત્રાલય, જયારે ગુરુકુળ એટલે Home. આ તફાવત બહું ઊંડો છે. ગુરુકુળમાં ગુરુની નિશ્રામાં સમગ્ર દિનચર્યા થતી હતી. Hostelમાં વિદ્યાર્થી શિક્ષિત થાય છે, જયારેગુરુકુળમાં શિક્ષિત તો થાય, સાથે દીક્ષિત પણ થાય છે.

ગુરુકુળોમાં અગ્નિવિદ્યા (ધાતુશાસ્ત્ર), વાયુવિદ્યા (પવન), જળવિદ્યા (પાણી), અંતરીક્ષવિદ્યા (અવકાશ વિજ્ઞાન), પૃથ્વીવિદ્યા (પર્યાવરણ), સૂર્યવિદ્યા (સૌર અભ્યાસ), ચંદ્રવિદ્યા (ચંદ્રની કળાનો અભ્યાસ), મેઘવિદ્યા (હવામાનની આગાહી), ઊર્જાવિદ્યા (બેટરી ઊર્જા), દિન અને રાત વિદ્યા, સૃષ્ટિવિદ્યા (અવકાશ સંશોધન), ખાગોળ વિજ્ઞાન (ખગોળશાસ્ત્ર), ભુગોળ વિદ્યા (ભૂગોળ), કાલવિદ્યા (સમય અભ્યાસ), ભૂગર્ભવિદ્યા (ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ), રત્નો અને ધાતુઓ, ગુરુત્વાકર્ષણ, પ્રકાશવિદ્યા (શક્તિ), સંચારવિદ્યા (મોબાઈલ, રેડિયો, નેટ વગેરે), વિમાનવિદ્યા (એરોપ્લેન), જલયાન વિદ્યા (પાણીના જહાજો), અગ્નાસ્ત્ર વિદ્યા (શસ્ત્રો અને દારૂગોળો), જીવનવિજ્ઞાનવિદ્યા (જીવવિજ્ઞાન, પ્રાણીશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર), યજ્ઞવિદ્યા (સામગ્રી સમાન) વિષયો શીખવવામાં આવતા હતા.

ગુરુકુળોમાં વ્યાવસાયિક અને તકનીકી શિક્ષણ પણ આપવામાં આવતું હતું. જેમ કે, વ્યાપારવિદ્યા (વાણિજ્ય), કૃષિવિદ્યા (કૃષિ), પશુપાલન વિદ્યા (પશુપાલન), પક્ષીપાલન (પક્ષી પાળવું), યાનવિદ્યા (મિકેનિક્સ), વાહન ડિઝાઇનિંગ, રત્નાકર (જેમ્સ એન્ડ જ્વેલરી ડિઝાઇનિંગ), કુંભાર વિદ્યા (માટીકામ), લોહવિદ્યા (ધાતુશાસ્ત્ર અને લુહાર), રંગકામ વિદ્યા, રજ્જુકર (દોરડી), વાસ્તુકાર વિદ્યા (સ્થાપત્ય), રસોઈકળાવિદ્યા, વાહનવિદ્યા (ડ્રાઇવિંગ), જળમાર્ગોનું સંચાલન, સૂચકો (ડેટા એન્ટ્રી), ગૌશાળા (પશુપાલન), માળી (બાગાયતી), વનવિદ્યા (વનીકરણ) તથા સહયોગી (કવરિંગ પેરામેડિક્સ).

ઉપરોક્ત તમામ પ્રકારનું શિક્ષણ ગુરુકુળમાં આપવામાં આવતું હતું. સમય જતાં ગુરુકુળો અકળ કારણોસર બંધ થઈ ગયાં પણ તેનું સાહિત્ય અકબંધ રહ્યું. આ સાહિત્ય અંગ્રેજોને હાથ આવ્યું અને તેને ઇંગ્લેન્ડ લઈ ગયા. બ્રિટિશ ઇતિહાસકાર થોમસ બેબીન્ગટન મેકૌલએ આ સાહિત્યનું ગહન અધ્યયન કર્યું અને આ પદ્ધતિનું અંગ્રેજીકરણ કર્યું, એટલું જ નહીં આ શિક્ષણ પદ્ધતિને ભારતમાં દાખલ કરી.

ભારતમાં ગુરુકુલ સંસ્કૃતિનો અંત કેવી રીતે આવ્યો ? કોન્વેન્ટ શિક્ષણના પરિચયથી ગુરુકુળનો નાશ થયો. ભારતીય શિક્ષણ અધિનિયમની રચના ઇ.સ. ૧૮૩૫માં કરવામાં આવી અને ઈ.સ. ૧૮૫૮માં સુધારેલ. તેનો મુસદ્દો મેકૌલે દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. મેકૌલે અહીં શિક્ષણ પ્રણાલીનો સર્વે કરાવ્યો હતો. જેમાં ઘણાં બ્રિટિશરોએ ભારતની શિક્ષણ વ્યવસ્થા વિશે તેમના અહેવાલો આપ્યા હતાં.

એક બ્રિટિશ અધિકારી હતો જી.ડબ્લ્યુ.લ્યુથર અને બીજો હતો થોમસ મુનરો. બંનેએ જુદા જુદા સમયે અલગ અલગ વિસ્તારોમાં સર્વે કર્યો હતો. ઉત્તર ભારતનું સર્વેક્ષણ કરનારા લ્યુથરે લખ્યું કે, અહીં ૯૭ % સાક્ષરતા છે અને મુનરોએ દક્ષિણ ભારતનો સર્વે કર્યો, તેમણે લખ્યું કે અહીં ૧૦૦% સાક્ષરતા છે.

મેકૌલે સ્પષ્ટપણે કહ્યું હતું કે, જો ભારતને કાયમ માટે ગુલામ બનાવવું હોય તો તેની સ્વદેશી અને સાંસ્કૃતિક શિક્ષણ પ્રણાલીને સંપૂર્ણપણે તોડી નાખવી જોઈએ અને તેને અંગ્રેજી શિક્ષણ પ્રણાલી સાથે બદલવી જોઈએ જેથી દરેક ભારતીય માનસિક રીતે અંગ્રેજ બની જાય. જ્યારે તેઓ કોન્વેન્ટ શાળાઓ અથવા અંગ્રેજી યુનિવર્સિટીઓ છોડી દેશે, ત્યારે તેઓ અંગ્રેજોના હિતમાં કામ કરશે.

મેકૌલે એક રૂઢિપ્રયોગ વાપર્યો હતો. જેનો મતલબ હતો કે, જેમ અનાજને રોપતા પહેલા ખેતરને સારી રીતે ખેડવામાં આવે છે તેવી જ રીતે ભારતીયોને બદલવા તેમને અંગ્રેજી શિક્ષણ પ્રણાલીમાં લાવવા જોઈએ. તેથી જ તેમણે સૌ પ્રથમ ગુરુકુળોને ગેરકાયદેસર જાહેર કર્યા. તેણે સંસ્કૃતને ગેરકાયદે જાહેર કર્યું અને ગુરુકુળોને આગ લગાવી. શિક્ષકોને માર માર્યો અને જેલમાં ધકેલી દીધા.

ઇ.સ. ૧૮૫૦ સુધી ભારતમાં '૭ લાખ ૩ ૨ હજાર ગુરુકુળ અને ૭ લાખ ૫૦ હજાર ગામડાં હતાં. મતલબ કે લગભગ દરેક ગામમાં ગુરુકુળ હતા અને આ તમામ ગુરુકુળોનો આજની ભાષામાં 'ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ' તરીકે ઉપયોગ કરવામાં આવતો હતો. આ ગુરુકુળોમાં ૧૮ વિષયો ભણાવવામાં આવતા અને ગુરુકુળો રાજા દ્વારા નહીં પણ સમાજના લોકો સાથે મળીને ચલાવતા હતા. શિક્ષણ મફત આપવામાં આવ્યું હતું. ગુરુકુળો નાબૂદ કરવામાં આવ્યા બાદ અંગ્રેજી શિક્ષણને કાયદેસર કરવામાં આવ્યું અને કોલકાતામાં પ્રથમ કોન્વેન્ટ સ્કૂલ શરૂ થઈ. તે સમયે તેને 'ફ્રી સ્કૂલ' કહેવામાં આવતું હતું. આ કાયદા હેઠળ કોલકાતા યુનિવર્સિટી, બોમ્બે યુનિવર્સિટી અને મદ્રાસ યુનિવર્સિટી બનાવવામાં આવી હતી. આ ત્રણ ગુલામી યુગની યુનિવર્સિટીઓ હજુ દેશમાં છે !

મેકૌલે તેના પિતાને એક પત્ર લખ્યો હતો. તે એક ખૂબ જ પ્રખ્યાત પત્ર છે, તેમાં તે લખે છે: “આ કોન્વેન્ટ શાળાઓ એવા બાળકોને બહાર લાવશે જેઓ ભારતીય જેવા દેખાય છે પરંતુ મગજથી અંગ્રેજી રહેશે. તેઓ તેમના દેશ વિશે કશું જાણશે નહીં. તેઓ તેમની સંસ્કૃતિ વિશે કશું જાણશે નહીં. તેમને તેમની પરંપરાઓ વિશે કોઈ ખ્યાલ રહેશે નહીં. તેઓ તેમના રૂઢિપ્રયોગો જાણતા જાણશે નહીં. જ્યારે આવા બાળકો આ દેશમાં તૈયાર થશે ત્યારે અંગ્રેજો દૂર થશે તો પણ અંગ્રેજી ભાષાઆ દેશ છોડશે નહીં. તે સમયે લખેલા પત્રનું સત્ય આજે પણ આપણા દેશમાં સ્પષ્ટ દેખાય છે. આ કૃત્ય દ્વારા સર્જાયેલ દુ:ખ જુઓ. આપણે આપણી જાતને ઉતરતા અનુભવીએ છીએ જે આપણી પોતાની ભાષા બોલવામાં અને આપણી પોતાની સંસ્કૃતિને ઓળખવામાં શરમ અનુભવીએ છીએ. જે સમાજ તેની માતૃભાષાથી અળગો થઈ જાય છે તે ક્યારેય ખીલતો નથી અને આ મેકૌલની વ્યૂહરચના હતી !

વેદ, શાસ્ત્ર અને લૌકિક વિદ્યા ભણાવે તે સામાન્ય અર્થમાં ગુરુ કહેવાય. गुणातिउपदिशतिइतिगुरुः એવી આ શબ્દની વ્યુત્પત્તિ આ અર્થનું સમર્થન કરે છે. અજ્ઞાનને રોકનાર નિર્વચન પણ અપાયું છે. ઉપદેશના ક્ષેત્રમાં વેદ, શાસ્ત્ર, પુરાણ, કાવ્ય, અધ્યાત્મવિદ્યા, ધર્મ, વ્યવહાર અને સર્વ વિષયો આવે.

વેદ, ઉપનિષદ અને પરવર્તી સાહિત્યમાં આચાર્યનું ઘણું મહત્વ ગણાયું છે. શિષ્ય સમિત્પાણિ થઈ અધ્યયનાર્થે આચાર્ય પાસે જતો. હાથમાં સમિધ હોવી એ શિષ્યની સેવા તત્પરતાની નિશાની ગણાતી. બ્રહ્મવિદ્યા શીખવા ઇચ્છનારે સમિત્પાણિ થઈ ગુરુ પાસે જવું એવું ઉપનિષદમાં કહેલું છે. 'तद्विज्ञानार्थसगुरुमेवाभिगच्छेत, समित्पाणिःश्रोत्रियंब्रह्मनिष्ठम्।' ત્રૈવર્ણિક વિદ્યાર્થી ઉપવીત સંસ્કાર પછી ગુરુગૃહે વસતો. ગુરુને ત્યાં વાસ એ ગુરુના કુટુંબમાં વાસ હતો.

મોટાં ગુરુકુલો મોટાં વિદ્યાલયો જેવાં હતાં. ત્યાં કુલપતિ તે પ્રધાન ગુરુ અને તેમના સહકારી અનેક અધ્યાપકો રહેતા. વિદ્યાર્થી ત્યાં છાત્રાવાસમાં રહેતો. અને ત્યાં પણ અગ્નિચર્યાદિ બ્રહ્મચારીનાં વ્રતોનું પાલન કરતો. ધર્મશાસ્ત્ર અનુસાર શિષ્યના નિષેક (ગર્ભાધાન) આદિ ઉપવીત પર્યન્તના સંસ્કાર આચાર્ય કરતા અને પછી શિષ્યે આચાર્યગૃહે વસવાનું થતું. કાલક્રમે નિષેકાદિ ઉપનયન પર્યંતના સંસ્કારો કુલપુરોહિત કરાવવા

લાગ્યા. ગુરુકુલમાં પ્રવક્તા ગુરુ વેદાદિ વિદ્યાઓ અને શાસ્ત્રોનું પ્રવચન કરતા. શ્રોત્રિય ગુરુ અંગો સહિતના સાર્થવેદનો સંહિતાપાઠ અને મંત્રાર્થનો ઉપદેશ કરતા. અધ્યાપક વ્યાકરણ આદિ લૌકિક શાસ્ત્રો ભણાવતા. આ સૌ માટે ગુરુ શબ્દનો વ્યવહાર સર્વસામાન્યપણે થાય છે. અધ્યાત્મનો ઉપદેશ કરનાર, યોગવિદ્યા શીખવનાર અને સંપ્રદાયાનુસાર મંત્રોપદેશ કરનાર પણ ગુરુ કહેવાય છે. સંપ્રદાયગત મંત્રોપદેશનું મહત્ત્વ એટલું તો વધ્યું કે એવો મંત્રોપદેશ એ બ્રહ્મસંબંધ કહેવાય છે.

ગુરુને ત્યાં કે ગુરુકુલમાં રહેવા અંગે કોઈ શુલ્કનો નિર્દેશ મળતો નથી. ગૃહસ્થોનાં દાન પર ગુરુગૃહ અને ગુરુકુલનો નિભાવ થતો. વિદ્યાર્થી સ્વૈચ્છિક રીતે ગુરુદક્ષિણા આપતો, પણ તે વિશે કશો આગ્રહ ન હતો. અનેક શિષ્યો ગુરુગૃહે ગુરુસેવા કરીને વિદ્યા ભણતા. સત્યકામ જાબાલ, ઉદ્દાલક આરુણિ અને ઉપમન્યુ જેવા ઘણા વિદ્યાર્થીઓ ગુરુસેવા કરી ભણેલા. સમર્થ શિષ્ય પાસેથી ગુરુ ઇષ્ટ વસ્તુની દક્ષિણા મેળવતા. ઉત્તંકે ગુરુપત્નીને રાજરાણીનાં કુંડળો લાવી આપેલાં. કૃષ્ણે સાંદીપનિ ગુરુનો ખોવાયેલો પુત્ર લાવી આપેલો. આમ છતાં, 'रिक्तपाणिस्तुनोपेयाद्राजानंदेवतांगुरुम्।।' રાજા, દેવ અને ગુરુ પાસે ખાલી હાથે ન જવાય.) એવો એક સર્વસ્વીકૃત વ્યવહાર સ્વીકારાઈ ગયેલો અને આજે પણ એ વ્યવહાર ચાલે છે.

ગુરુનો આચાર ઉદાહરણરૂપ હોવો જોઈએ. તેમના સદાચાર, નિત્ય-નૈમિત્તિક ધર્મકર્મોમાં તેમની નિષ્ઠા, તેમનું શાસ્ત્રજ્ઞાન, પવિત્રતા, વ્યવહારબુદ્ધિ, કુલવૃદ્ધોની ભક્તિ વગેરેનું ઉદાહરણ શિષ્યો લે છે. તૈત્તિરીય ઉપનિષદમાં સ્નાતક થયા પછી સ્વગૃહે જતા વિદ્યાર્થીને આચાર્યે આપેલી મનનીય શિખામણ છે. તેમાં આચાર્ય કહે છે કે : 'અમારાં સુચરિતોનું અનુસરણ કરજે. બીજાં દોષયુક્ત આચરણો તરફ લક્ષ આપીશ નહિ. કોઈ શાસ્ત્રના વિષયમાં કે આચરણના વિષયમાં તને સંદેહ થાય તો તારી નજીકના વિચારશીલ, સદાચારી, ઋજુ, ધર્મકામી લોકો પાસેથી એમનું સમાધાન મેળવજે.' એટલે કે ગુરુ પોતાના ગુણદોષો વિશે સભાન રહેતા.

આજે ગુરુકુળોમાં રામ અને કૃષ્ણ જેવા વિદ્યાર્થીઓ મળશે તો ગુરુ વશિષ્ઠ અને ગુરુ સાંદીપનીના જેવા ગુરુના દર્શન પણ સાંપ્રત યુગમાં પણ અસંભવ નથી.

**સંદર્ભ** : ગુજરાતી વિશ્વકોશ (ખંડ-૬), ભગવદ્ ગો મંડળ અને સાર્થ જોડણીકોશ

**પ્રાચાર્ય,**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેદ્રનગર**

**(સાભાર : 'અચલા' મેગેઝિન)**

## શિક્ષકની સંવેદના

મૈત્રી વિદ્યાપીઠના પૂર્વ છાત્ર મુકેશભાઇ બદ્રેશિયા શિક્ષણક્ષેત્રે ખૂબ સારી નામના ધરાવે છે. વિદ્યાર્થીઓના ઉજળા ભવિષ્ય માટે સતત મથતાં રહેલાં મુકેશભાઇ પ્રયોગશીલ શિક્ષક/આચાર્યની આગવી છાપ ધરાવે છે. સમાજ સાથે શૈક્ષણિક સંસ્થાનું જોડાણ જાળવી રાખવામાં તેમણે ખૂબ સારી સફળતા મેળવી છે. મૂલ્યોના સંવર્ધન માટે મથતાં રહેલાં આ નખશીખ શિક્ષકે એકવાર વધુ તેમની સંવેદનાનો પરિચય નવી પહેલ દ્વારા આપ્યો છે.

મુકેશભાઇના ઘરે સુપુત્ર ચિ. ઉર્વીશના શુભ લગ્નનો પ્રસંગ યોજાયો. પુત્રવધુ અ.સૌ. નિધિ સાથે ચિ. ઉર્વીશના ગૃહસ્થાશ્રમના પ્રારંભના આ અવસરે મામેરાનો સવિનય અસ્વીકાર કર્યો, રિસેપ્શનમાં પધારેલ મહેમાનોને ચકલીના માળાનું વિતરણ કર્યું, (ચકલી બચાવો અભિયાનને વેગ આપ્યો) પક્ષીઓ તરફની કરૂણા અને પ્રકૃત્તિ સાથેનો લગાવ સૌએ ખૂબ વખાણ્યો. સપ્તપદીને નિમિત બનાવી સેવાના ક્ષેત્રમાં સેવારત સાત મહાનુભવોનું સન્માન કરી સૌની વંદના કરી. વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓને ૧૧ વર્ષ સુધી પ્રતિવર્ષ માતબર આર્થિક સહાય કરવાનો સંકલ્પ કર્યો.

સેવાભાવી, ઋજુ, કરુણાવંત સારસ્વતની સાત્વિક વિચારધારાને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પરિવાર સુરેન્દ્રનગર શ્રી મુકેશભાઇને અને તેમના પરિવારને બિરદાવી ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

| તા. ૧૩/૦૨/૨૦૨૩ ના સારસ્વત સન્માન કાર્યક્રમમાં સન્માનિત થનાર આચાર્યશ્રીની વિગત | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | સન્માનિત થનાર આચાર્યશ્રીનું નામ | શાળાનું નામ | ગુણોત્સવ ૨.૦ અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ માં આવેલ ગુણાંકન/ગ્રેડ |
| 1 | મુળી | મહિપતસિંહ જેતાવત | ટીડાણા પ્રા. શાળા | 86.07 % |
| 2 | મુળી | નાગજીભાઇ મીર | જસાપર ઉચ્ચ પ્રા. શાળા | 82.81 % |
| 3 | મુળી | અમૃતભાઇ જીડીયા | ઉમરડા નવાપરા પ્રા. શાળા | 77.29 % |
| 4 | મુળી | નવીનભાઇ ઉદેશા | વેલાળા (ધ્રા) પે સે. શાળા | 76.77 % |
| 5 | મુળી | પ્રાણલાલ સી. રાઠોડ | ગોદાવરી પે સે. શાળા | 76.21 % |
| 6 | મુળી | મેહુલભાઇ પરમાર | ટીકર (પરમાર) પે સે. શાળા | 75.34 % |
| 7 | ધ્રાંગધ્રા | શંભુભાઇ બળદેવભાઇ પટેલ | જસમતપુર પ્રા. શાળા | 80.38 % |
| 8 | ધ્રાંગધ્રા | સંદીપભાઇ બળદેવભાઇ પટેલ | થળા પ્રા. શાળા | 74.44 % |
| 9 | લખતર | અમૃતભાઇ ડી. પટેલ | વરસાણી પ્રા. શાળા | 81.07 % |
| 10 | લીંબડી | ગાયત્રીબા નટવરસિંહ જાડેજા | લીંબડી-૧૦ પ્રા. શાળા | 81.63 % |
| 11 | લીંબડી | નીલેશભાઇ જીજાભાઇ પટેલ | કટારિયા પ્રા. શાળા | 76.41 % |
| 12 | લીંબડી | જયદેવભાઇ એ. મકવાણા | ઊંટડી પ્રા. શાળા | 75.47 % |
| 13 | વઢવાણ | શિરીનબેન વંથલા | બલદાણા પ્રા. શાળા | 84.48 % |
| 14 | વઢવાણ | જીજ્ઞેશભાઇ વી. પટેલ | કરણગઢ પે સે. શાળા | 81.19 % |
| 15 | વઢવાણ | પ્રવીણભાઇ કે. જાળિયા | કુલગ્રામ પ્રા. શાળા | 77.44 % |
| 16 | વઢવાણ | ભાવનાબેન એમ. આચાર્ય | રાજપર કન્યા પે સે. શાળા | 77.11 % |
| 17 | વઢવાણ | ભલજીભાઇ જી. પારઘી | ગણપતિ ફાટસર પ્રા. શાળા | 77.07 % |
| 18 | વઢવાણ | મૃગેશભાઇ બી. જાદવ | મૂળચંદ પ્રા. શાળા | 74.88 % |
| 19 | વઢવાણ | જગદીશભાઇ કે. જાળિયા | બાળા પ્રા. શાળા | 73.12 % |
| 20 | વઢવાણ | કિશોરભાઇ ચાવડા | ખારવા પે સે. શાળા | 71.97 % |
| 21 | સાયલા | હરેશભાઇ લઘુભાઇ શેખ | થોરિયાળી પ્રા. શાળા | 76.90 % |
| 22 | સાયલા | ગણપતભાઇ નાનુભાઇ બાર | ખિટલા કુમાર પ્રા. શાળા | 75.39 % |

# તા. ૧૩/૨/૨૦૨૩ ના સારસ્વત સન્માન કાર્યક્રમમાં સન્માનિત થનાર શિક્ષકશ્રીની વિગત

| ક્રમ | તાલુકો | સન્માનિત થનાર શિક્ષકશ્રી નું નામ | શાળાનું નામ | FLN માં મેળવેલ સિદ્ધિ |
|---|---|---|---|---|
| 1 | થાનગઢ | દિપ્તીબેન મહેન્દ્રભાઈ ગોહિલ | સરોડી પ્રાથમિક શાળા | 90 |
| 2 | થાનગઢ | જયેશભાઈ અશ્વિનભાઈ પાટડીયા | તરણેતર પે.સેન્ટર શાળા 1 | 90.57 |
| 3 | થાનગઢ | રીનાબા મહેન્દ્રસિંહ ઝાલા | ખાખરાવાળી પ્રાથમિક શાળા | 90.48 |
| 4 | ચોટીલા | રમેશભાઈ કાનજીભાઈ બથવાર | લખણકા પ્રાથમિક શાળા | ૯૧. |
| 5 | ચોટીલા | ભુરાભાઈ ધનાભાઇ રાઠોડ | વાવડી પ્રાથમિક શાળા | ૯૧. |
| 6 | ચોટીલા | જશુમતીબેન બાવલભાઈ ચૌહાણ | સણોસરા પે સેન્ટર શાળા | ૯૧.૮૯ |
| 7 | ચુડા | નરેશભાઈ પી. મકવાણા | ચાચકા પ્રાથમિક શાળા | ૯૦.00% |
| 8 | ચુડા | દીપકભાઈ જી. રોજાસરા | કોરડા પ્રાથમિક શાળા | ૯૧.00% |
| 9 | ચુડા | નીલમબેન આર. જોષી | છત્રીયાળા પ્રાથમિક શાળા | ૯૦.00% |
| 10 | લખતર | ભામાણી કનુભાઇ પી. | શ્રી કારેલા પ્રા. શાળા | 90.90% |
| 11 | લખતર | પટેલ કનુભાઇ દલીચંદભાઇ | શ્રી ભાથરીયા પ્રા. શાળા | 90.47 |
| 12 | પાટડી | વોરા શબ્બીરભાઈ રસુલભાઇ | શ્રી નાનાગોરૈયા પ્રા.શાળા | 100% |
| 13 | પાટડી | પટેલ કનૈયાલાલ નાથાલાલ | શ્રી આલમપુરા પ્રા.શાળા | 93% |
| 14 | સાયલા | જીગ્નેશભાઈ આંબા ભાઈ સરવૈયા | ગૂંદીયાવડા પ્રા.શાળા | 95% |

## સારસ્વત સન્માનોત્સવ

તા.13/2/2023 ને  સોમવારે શિક્ષણમંત્રીશ્રી માન. કુબેરભાઈ ડીંડોર સાહેબની અધ્યક્ષતામાં "સારસ્વત સન્માન અને મોટીવેશનલ"કાર્યક્રમ યોજાઈ ગયો...

સુરેન્દ્રનગર જિલ્લાના ગુણોત્સવ 2.0 અંતર્ગત શાળાનો ગ્રેડ A હોય એવા 22 આચાર્યો અને FLN અંતર્ગત 90% ઉપર સિદ્ધિ મેળવેલ હોય તથા શાળામાટે વિશેષ કામગીરી કરેલ હોય તેવા 14 શિક્ષકોના સન્માન થયા......

સન્માનોત્સવમાં ડૉ. જગદીશભાઈ ત્રિવેદી તથા પદ્મશ્રી શહાબુદીનભાઈ રાઠોડે  હાસ્ય સાથે પ્રેરક પ્રવચન દ્વારા ખૂબ મોજ કરાવી... તેમણે શિક્ષકોનું સમાજમાં સ્થાન  અને ગુરુત્વ પદની ગરીમાની ઉમદા વાતો કરી સૌને પ્રેરિત કર્યા.

માન. શિક્ષણમંત્રીશ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબનું પ્રવચન પણ ખૂબ પ્રેરણાદાયી રહ્યું...ટેડની વાત દ્વારા કરુણાવાન શિક્ષકની મહત્તા સમજાવી દિલથી કાર્ય કરવાની પ્રેરણા આપી.


આ તકે ઉપસ્થિત નાયબ મુખ્ય દંડક અને વઢવાણ વિસ્તારના ધારાસભ્ય શ્રી જગદીશભાઈ મકવાણા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી બબુબેન પાંચાણી, શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી નરેન્દ્રભાઇ મુંજપરા, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમકવાણા સાહેબ, વગેરે મહેમાનોની ઉપસ્થિતિમાં "સારસ્વત સન્માન" કાર્યક્રમ ખૂબ પ્રેરણાદાયી રહ્યો..

એક હજાર ઉપર પ્રાથમિક શિક્ષકોની હાજરીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ગુરુજનોને નવાજનારા અને આખા જિલ્લાના શિક્ષકોને મોટીવેશન પૂરું પાડનારા આ કાર્યક્રમનો શુભવિચાર જિ.પ્રા.શિક્ષણાધિકારી શ્રી શિલ્પાબેન પટેલને આવેલો.. આ વિચારને સમગ્ર શિક્ષણ પરિવાર ,સુરેન્દ્રનગરે વધાવી લીધો ...શાબ્દિક આવકાર દ્વારા પ્રા.શિક્ષણાધિકારી શ્રીમતી શિલ્પાબેન પટેલ સાહેબે સૌને આવકાર્યા હતા તો છેલ્લે આભારવિધિ ડાયેટ પ્રાચાર્યશ્રી ડૉ. સી.ટી.ટૂંડિયા સાહેબે કરી હતી.

કાર્યક્રમને સફળ બનાવવા જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, ડાયેટ, એસ.એસ.એ કચેરી, ટી.પી.ઓ.કચેરી, બી.આર.સી.,સી.આર.સી. સહિત સમગ્ર શિક્ષણ પરિવારે પ્રશંસનીય કામગીરી કરેલ... આ તકે પ્રાથમિક શિક્ષક સંઘ, શૈક્ષિક સંઘ, અને એચ.ટાટ સંઘ દ્વારા પણ માન. મંત્રીશ્રીનું વિશેષ સન્માન થયેલું ...

આમ ઉમદા કર્મની કદર  માટે યોજાયેલ આ કાર્યક્રમ સૌને નવી દ્રષ્ટિ આપનાર બની રહ્યો... આવતા વર્ષે આનાથી પણ વધુ શિક્ષકો સન્માનિત થાય એવા ભાવ સાથે સૌ રાષ્ટ્રગીત ગાઈને છુટા પડ્યા...

જય શિક્ષક



## વિદ્યાવાચસ્પતિ પદવી મેળવવા બદલ અભિનંદન...

**નામ** : ડૉ. પીયૂષ મનુભાઈ મહેતા
**હોદ્દો** : લેકચરર અને વિજ્ઞાન સલાહકાર
**સંસ્થા** : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,સુરેન્દ્રનગર
**શીર્ષક** : ધોરણ 8 ના વિદ્યાર્થીઓ માટે વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ જાગરૂકતા કાર્યક્રમની સંરચના અને અસરકારતાનો અભ્યાસ

( A STUDY OF CONSTRUCTION AND EFFECTIVENESS OF SCIENTIFIC APPROACH AWARNESS PROGRAMME FOR ૮TH STANDARD STUDENTS)

**માર્ગદર્શક** : ડૉ.સુશીલકુમાર દુબે, આચાર્ય,
એસ.પી.કે.એમ.મહિલા બી.એડ્. કોલેજ અને રીસર્ચ સેન્ટર,
જેતપુર યુનિવર્સીટી : સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ

# ૫૦ મું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન અહેવાલ - ૨૦૨૩

## સ્થળ : શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકુળ, ધ્રાંગધ્રા

જ્ઞાન અને વિજ્ઞાનની આ ૨૧ મી સદીમાં બાળ અને યુવાન માનસમાંથી ઉદ્ભવેલા નવ સર્જનાત્મક વિચારોને યોગ્ય પ્લેટફોર્મ અને જરૂરી પ્રોત્સહન મળી રહે, એવા એકમાત્ર આશયથી ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર તથા શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકુળ-ધ્રાંગધ્રા સંચાલિત શ્રી બ્રહ્માનંદ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે તા. ૧૯ થી ૨૨ ફેબ્રુઆરી-૨૦૨૩ સુધી રાજ્ય કક્ષાનું ૫૦ મું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકુળ,ધ્રાંગધ્રાના પાવન પરિસરમાં યોજાઇ ગયું.

રાજ્યકક્ષાના આ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનનો ઉદ્ઘાટન સમારોહ સંસ્કારધામ ગુરૂકુળના સંસ્થાપક પ.પૂ. સદ્.શ્રી રામકૃષ્ણદાસજી સ્વામીના અધ્યક્ષ સ્થાને તા. ૧૯/૦૨/૨૦૨૩ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સંપન્ન થયો, જેમાં ગુજરાત રાજ્યના માન. શિક્ષણમંત્રીશ્રી ડૉ. કુબેરભાઇ ડીંડોર સાહેબ, કેન્દ્રીય મંત્રીશ્રી ડૉ. મહેન્દ્રભાઇ મુંજપરા સાહેબ, નાયબ મુખ્ય દંડક શ્રી જગદીશભાઇ મકવાણા સાહેબ, ધ્રાંગધ્રા ધારાસભ્યશ્રી પ્રકાશભાઇ વરમોરા સાહેબની સાથે રાજકીય, શૈક્ષણિક અને સામાજિક મહાનુભાવો ઉપસ્થિત રહી આ સોનેરી ક્ષણોનાં સાક્ષી બન્યા હતા. તદ્ઉપરાંત માન. શિક્ષણમંત્રીશ્રી સહિત અન્ય રાજકીય મહાનુભાવોએ પણ પ્રસંગોચિત મંગલ ઉદ્બોધનો કર્યા બાદ પ.પૂ.સદ્. શ્રી રામકૃષ્ણજી સ્વામીના આશીર્વચનની સાથે રાજ્યકક્ષાના આ ૫૦ માં ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનને બાળકોની સમક્ષ ખુલ્લું મુકવામાં આવ્યું.

ગુજરાત રાજ્યના તમામ જિલ્લામાંથી પ્રાથમિક વિભાગમાં ૫૦ અને માધ્યમિક વિભાગમાં ૫૦ એમ કુલ ૧૦૦ કૃતિઓ પોતાની આગવી સૂજબુજથી તૈયાર કરી પધારેલા બાળકો અને તેમની સાથે આવેલા માર્ગદર્શક સારસ્વત મિત્રો પોત-પોતાની કૃતિને રજૂ કરવા માટે થનગની રહ્યા હતા. માન. શિક્ષણમંત્રીશ્રી સહિત રાજકીય શૈક્ષણિક મહાનુભાવોએ બાળકોની વિવિધ કૃતિઓને નિહાળી પ્રોત્સાહિત કર્યા, ત્યારબાદ બીજા દિવસથી કુલ પાંચ વિભાગમાં વિભાજિત આ કૃતિઓને નિહાળવા માટે, પ્રાથમિક-માધ્યમિક શાળાના બાળકો, શિક્ષક મિત્રો અને વાલીશ્રીઓનું જાણે કે ઘોડાપૂર ઉમટ્યું હોય તેવો માહોલ સર્જાયો. ખૂબ જ મોટી સંખ્યામાં બાળકો-શિક્ષકો અને વાલીશ્રીઓનો ઘસારો હોવા છતાં સંસ્થા દ્વારા એવી સુંદર મજાની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી કે, આ ચાર દિવસ ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં પસાર થઇ ગયા.

શ્રી બ્રહ્માનંદ વિદ્યાલય-ધ્રાંગધ્રાના બાળકો દ્વારા આ પ્રદર્શનને નિહાળવા માટેના શ્રી ગણેશ કરવામાં આવ્યા. ચાર દિવસીય આ ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનનો ૧૦,૨૦૮ બાળકો, ૧૦૭૦ શિક્ષકો અને ૮૯૫ જેટલા વાલીશ્રીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક લાભ લઇ આપણા દેશનું ઉજ્જ્વળ ભાવિ અને ગુજરાતના ગૌરવસમા બાળવૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા. સાથોસાથ બાળકોની કૃતિઓનું મૂલ્યાંકન કરવા માટે પાંચેય વિભાગ પ્રમાણે નિર્ણાયક મિત્રોની અલગ અલગ ટીમો પણ બનાવવામાં આવેલી, જેમણે તમામ કૃતિઓનો ખૂબ જ બારીકાઇ થી નિરીક્ષણ કરી તટસ્થ મૂલ્યાંકન કર્યું હતું.

### :: વિશિષ્ટ આયોજનો ::

તા. ૨૦/૦૨/૨૦૨૩ ના રોજ રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરૂકુળ, ધ્રાંગધ્રા (યજમાન સંસ્થા) ના બાળકો દ્વારા ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું જતન તથા વર્તમાન સમયમાં ગુરૂકુળ શા માટે ? 'શિક્ષણની સાથે સંસ્કાર' અર્થાત્ 'ભણતરની સાથે જીવનનું ખરૂ ઘડતર' કઇ રીતે કરી શકાય? એવા વિવિધ કાર્યક્રમો રજૂ કરી આનંદ અને ઉલ્લાસની સાથે ઉપસ્થિત સૌ કોઇને મનન અને મનોમંથન કરવા પ્રેરિત કર્યા.

તા.૨૦/૦૨/૨૦૨૩

૨૧ મી સદીના ટેક્નોલોજીના આ યુગમાં આપણા બાળકો જમાના સાથે કદમ મિલાવી, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવી આગળ વધી શકે તે માટે વિજ્ઞાન વિષયના પ્રબુધ વ્યાખ્યાતા શ્રી ગિજુભાઇ ભરાડ દ્વારા બાળકો સમજી શકે એવી સરળ ભાષામાં વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયક જ્ઞાન પીરસવામાં આવ્યું.

## તા. ૨૧/૦૨/૨૦૨૩ - માતૃભાષા દિવસ

૨૧ ફેબ્રુઆરી એટલે માતૃભાષા દિવસ. આ દિવસે રાત્રે ૮.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન આપણી માતૃભાષા એવી ગુજરાતી ભાષાના ગુણગાન અર્થે લોકસાહિત્ય અને સાહિત્યથી સફળ હાસ્યનો એક સુંદર મજાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં લોકસાહિત્યકાર અનુભા ગઢવીએ આપણા લોકસાહિત્યની ઝાંખી કરાવી હતી તથા આંતરરાષ્ટ્રીય હાસ્યકાર શ્રી શાહબુદ્દીનભાઇ રાઠોડ તથા શ્રી જગદીશભાઇ ત્રિવેદીએ મર્માળા હાસ્યની સાથે ગુજરાતી ભાષાનું ગૌરવ વધારવા ઉપસ્થિત થઇ મીઠી ટકોર પણ કરી હતી.

૫૦ માં ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનને સફળ બનાવવા માટે કુલ ૧૨ સમિતિઓની રચના કરવામાં આવેલી જેમાં સમાવિષ્ટ ૫૫ જેટલા કર્મચારી મિત્રોએ પોતપોતાની ફરજ સહૃદય નિભાવી હતી.

સમગ્ર આયોજનની વાત કરીએ તો પ્રદર્શન માટેના ડોમ થી લઇ સુશોભન આદિ પૂર્વ તૈયારી તમામ પ્રકારની ગોઠવણ યજમાન સંસ્થાના સંતો-હરિભક્તો અને બાળકો દ્વારા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી હતી. પ્રદર્શન ખુલ્લું મૂકાયા પછી પણ સંસ્થાના સંતો-હરિભક્તો અને બાળકોની ટીમો સ્પર્ધામાં આવેલા બાળકો-શિક્ષકો અને પ્રદર્શન નિહાળવા આવતા સૌ કોઇની સેવામાં ખડે પગે તત્પર હતી.

યજમાન સંસ્થા દ્વારા પ્રદર્શનમાં ભાગ લીધેલ બાળકો, તેના માર્ગદર્શક શિક્ષકો, ગાંધીનગર આદિ વિવિધ જગ્યાએથી આવતા અધિકારીશ્રીઓ માટે સવાર-બપોર-સાંજ (ત્રણેય ટાઇમ) ભોજનની સાથે ચા-પાણી નાસ્તાની તથા રાત્રિ રોકાણ માટેની ખૂબજ સુંદર વ્યવસ્થા પૂરી પાડવામાં આવી હતી. પ્રદર્શન નિહાળવા આવતા પ્રત્યેક બાળકો માટે પણ નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ ચાર દિવસીય ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનને સફળ બનાવવામાં માન. શ્રી ડૉ. ડી.એસ. પટેલ સાહેબ (નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર), શ્રી કે.એન. બારોટ સાહેબ (ડી.ઇ.ઓ. મા.વિ., સુ.નગર), શ્રીમતી શિલ્પાબેન પટેલ (ડી.પી.ઇ.ઓ. પ્રાથ. વિ., સુ.નગર), શ્રી ડૉ. પિયુષભાઇ મહેતા સાહેબ (જિલ્લા વિજ્ઞાન સલાહકાર, ડાયટ, સુ.નગર), ટી.પી.ઇ.ઓ. સાહેબ, ધ્રાંગધ્રા તથા તમામ બી.આર.સી. મિત્રોએ અથાગ પરિશ્રમ કરી જરૂરી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

અંતમાં રાજ્ય કક્ષાના ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શનમાં ભાગ લેનાર પ્રત્યેક બાળ વૈજ્ઞાનિકોને શૈક્ષણિક કીટ, પ્રમાણપત્ર અને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા અને માર્ગદર્શક શિક્ષક મિત્રોને પણ પ્રમાણપત્ર એનાયત કરી બિરદાવવામાં આવ્યા.

આમ, તા. ૧૯ થી ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી સંસ્કારધામ ગુરૂકુળના પાવન પરિસરમાં પ્રકૃતિના ખોળે યોજાયેલ ૫૦મું ગણિત-વિજ્ઞાન-પર્યાવર પ્રદર્શન બાળકો, શિક્ષકો, અધિકારીશ્રીઓ, વાલીઓ તેમજ અન્ય મુલાકાતીઓ માટે પણ અભૂતપૂર્વ અને અવિસ્મરણીય બની રહ્યું.

## :: વિશિષ્ટ આયોજન ::

તા. ૨૧/૦૨/૨૦૨૩ ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૩૦ કલાક દરમિયાન પ્રદર્શનમાં ભાગ લેનાર તમામ બાળકો અને શિક્ષક મિત્રોને ધ્રાંગધ્રાના સ્ટોન પાર્ક અને સો વર્ષ જૂના એવા **DCW** (ધ્રાંગધ્રા કેમિકલ વર્કસ) ની શૈક્ષણિક વિઝિટ કરાવવામાં આવી જેનો સૌને ખૂબ જ આનંદ થયો.

## માતૃભાષાનું મહત્વ

**''સંસ્કાર સાથે ઉજ્જ્વળ ભવિષ્યનો નિર્ધાર,**
**માતૃભાષામાં શિક્ષણ એ જ આધાર.''**
**''લાગણીના જળ વડે મર્દન કરું છું,**
**શબ્દ કાગળ પર ઘસી ચંદન કરું છું,**
**બે ગઝલ બે ગીતના પુષ્પો ચડાવી**
**માતૃભાષાને પ્રથમ વંદન કરું છું.''**

માતૃભાષા એટલે માતાની ભાષા. બાળકને તેની માતા પાસેથી જે ભાષા વારસામાં મળે છે એ તેની માતૃભાષા છે. આ ભાષાના વાતાવરણમાં જે બાળકનો ઉછેર થાય છે. બાળકના વિકાસની સાથે સાથે તેની ભાષા પણ વિકસતી જાય છે. તેથી માતૃભાષા બાળકની મન અને હૃદયની સાથે એકાકાર થઇ જાય છે. વ્યક્તિને સ્વપ્ન જે ભાષામાં આવે છે, તે પણ તેની માતૃભાષામાં જ આવે છે. આથી જ કહેવાનું મન થાય છે કે....

''ગરવી ગુજરાતી ભાષા મારી
પ્રાણ પ્યારી માતૃભાષા''

આજે ચારેય તરફ વાલીઓને પોતાનું બાળક અંગ્રેજી ભાષામાં ભણાવવાનું ખૂબ ઘેલું લાગ્યું છે અને અંગ્રજી માધ્યમનો ક્રેઝ વધી રહ્યો છે. એ વાત જરૂર સાચી છે કે અંગ્રેજી ભાષા આંતર રાષ્ટ્રીય ભાષા છે. પરંતુ બાળકના હૃદયના એક ખૂણામાં તો પોતાની માતૃભાષા જ કોરાયેલી હોય છે. આપણી નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પણ એ બાબત પર ઝોક આપી રહેલ છે કે બાળકના સર્વાંગી શિક્ષણ માટે ધોરણ ૧ થી ૫ માં તો માતૃભાષામાં જ શિક્ષણ આપવું જોઇએ. માતૃભાષા જ વ્યક્તિન. માના સ્તર સુધી લઇ જાય છે.

આ દુનિયામાં બાળકને જન્મ આપનાર માતા હોય છે. જ્યારે આપણી વાણીની અભિવ્યક્તિ કરવા માટે સૌ પ્રથમ માતૃભાષા જ મહત્વની રહેલી છે. આથી જ કહેવાય છે કે ''પોતાની લાગણીઓને વ્યક્ત કરવાની ભાષા એટલે જ માતૃભાષા.'' બાળકની બોલવાની શરૂઆત પણ માતૃભાષામાં જ થાય છે. માતૃભાષામાં જ વ્યક્તિની સર્જનશક્તિની ખીલણી થતી હોય છે. મધ્યકાલીન સમયના કવિશ્રી પ્રમાનંદે પણ માતૃભાષાના મહત્વ માટે નિમય લીધો હતો કે ''જ્યાં સુધી મારી માતૃભાષાને યોગ્ય માન નહી મળે ત્યાં સુધી માથે પાઘડી નહીં પહેરું.''

માતૃભાષા એ માત્ર વિકાસ કે અભિવ્યક્તિ માટેનું જ માધ્યમ નથી, પરંતુ આપણી પરંપરા છે, ઇતિહાસ છે, સંસ્કૃતિ છે, સંસ્કાર છે, ગાંરવ છે. માતૃભાષા વિસરાય તો જીંદગી વિસરાય; જીંદગી શુષ્ક બની રહે, હરિયાળી ભર્યું જીવન ન લાગે માતૃભાષાની સાથે સાથે માતૃભાષાનાં સંસ્કારો જાય છે, પરંપરાઓ વિસરાય છે, આપણા આદર્શો ભૂલાય છે. ભગવદ્ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું હતું કે, ''સ્વધર્મે નિધનંશ્રેયમ પરધર્મો ભયાવહઃ ।'' એટલે કે માતૃભાષા એ સ્વધર્મ છે અને અંગ્રેજી એ પરધર્મ છે.

''એ વિચારીને ફૂલે ગજ ગજ મારી છાતી
હું ને મારી ભાષા બંને છીએ ગુજરાતી.''

અંતમાં હું એટલું જ કહીશ કે આપણે આપણી અસ્મિતા અને સંસ્કૃતિને ટકાવી રાખવા માટે, રાજ્ય ઉત્થાન અર્થે, સમૃદ્ધિના અસ્તિત્વ માટે પણ માતૃભાષામાં જ બાળ શિક્ષણ આપી સમૃદ્ધિનો આધાર બનાવી શકાશે. જે અંતે રાષ્ટ્રના ઉત્થાન તરફ પરિવર્તત થશે.

ઉમાશંકર જોષીની આ પંક્તિ જરૂર યાદ આવે કે,

''સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી
મળી માતૃભાષા મને ગુજરાતી.''

**– સુરેશભાઇ બી. ધોરિયા**
**શ્રી સી.ડી. કપાસી હાઇસ્કૂલ, ચુડા**
**મો. ૯૨૬૫૬ ૦૪૩૭૬**

## વિષય : “હું છું શિક્ષક”

- તાલીમાર્થીઓ

દર વર્ષની જેમ આ વર્ષે પણ GCERT દ્વારા 'હું છું શિક્ષક' તાલીમ જેમાં પાંચ દિવસ અંતર્ગત વક્તાઓ દ્વારા વિશિષ્ટ વિષય વસ્તુ ની સમજ તેમજ વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી.

આ પાંચ દિવસના કાર્યક્રમના આયોજનના ભાગરૂપે અમારા માર્ગદર્શક ડૉ.સુમનબેન પંડ્યા દ્વારા તાલીમાર્થીઓના પાંચ ગ્રુપ પાડવામાં આવ્યા હતા. જેમાં દરેક ગ્રુપને ટાઈમ ટેબલ મુજબ એક - એક દિવસ ફાળવવામાં આવ્યો હતો. તેમાં જે દિવસ જે ગ્રુપને ફાળવવામાં આવ્યો હોય તે દિવસની રૂપરેખા (એટલે કે શરૂઆતથી અંત સુધી તમામ કાર્યક્રમ તથા પ્રવૃત્તિ) તે ગ્રુપના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવતું.

'હું છું શિક્ષક' તાલીમ વર્ગના પ્રથમ દિવસ ની શરૂઆત તા. 27 ફેબ્રુઆરી 2023ના રોજ ગ્રુપ નંબર - 01 દ્વારા સરસ મજાની પ્રાર્થના કાર્યક્રમ દ્વારા કરવામાં આવી હતી.

પ્રાર્થના કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ડૉ. સુમનબેન પંડ્યા દ્વારા જરૂરી સુચના આપવામાં આવી અને ત્યારબાદ આ તાલીમ વર્ગમાં ડાયેટના પ્રાચાર્યશ્રી ડૉ.સી.ટી ટૂંડિયા સાહેબે NEP-2020 (રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૨૦) મુદ્દા વિશે અને તેના સંદર્ભ સાહિત્ય વિશે વાત કરી અને તેની વિશેષ માહિતી આપી હતી.

ત્યારબાદ અમે સૌ તાલીમાર્થી મિત્રો તથા પ્રાધ્યાપકો ભોજન લેવા માટે જુગતરામ દવે છાત્રાલયમાં ગયા અને સૌએ સાથે બેસીને ભોજન લીધું. ત્યારબાદ ખ્યાતિબેન દ્વારા અધ્યયન અધ્યાપન વિષય અંતર્ગત અંધગલીના પ્રયોગ દ્વારા અધ્યયનનો સિદ્ધાંત ભૂલ અને પ્રયત્નનો મહાવરો કરવામાં આવ્યો હતો. જુથમાં ચર્ચા માટે પ્રયોગ આધારિત ચર્ચા પત્ર આપવામાં આવ્યા જે જૂથ અંતર્ગત તેના વિશે ચર્ચા કરવામાં આવી હતી.

બીજા દિવસનું સંપૂર્ણ આયોજન ગ્રુપ નંબર - 02 દ્વારા કરવામાં આવ્યું હતું. તાલીમવર્ગની શરૂઆત પ્રાર્થના કાર્યક્રમ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ગુજરાત વિદ્યાપીઠના પ્રાધ્યાપક ડૉ.નીતિનભાઈ ઢાઢોદરાનો ડૉ. સુમનબેન પંડ્યા દ્વારા પરિચય આપવામાં આવ્યો હતો અને તેમનું ડાયેટ ના પ્રાચાર્યશ્રી ડૉ. સી.ટી. ટૂંડીયા સાહેબ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ડૉ. નીતિનભાઈએ ગાંધીજીના બુનિયાદી શિક્ષણ વિશે વાત કરી હતી. જેમાં બુનિયાદી શિક્ષણની લાક્ષણિકતાઓ, સિદ્ધાંતો, ફાયદાઓ વગેરેની વાત કરવામાં આવી હતી અને તાલીમાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ બધા જમવા માટે ગયા હતા.

ભોજન લીધા બાદ ડૉ. મનીષભાઈ પંડ્યા દ્વારા ક્લાસ મેનેજમેન્ટ (વર્ગ વ્યવસ્થા) ની સરસ મજાની માહિતી આપવામાં આવી હતી. તેઓએ અમને જૂથ ચર્ચા દ્વારા પ્રવૃત્તિ કરાવી હતી.

આ દિવસે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ હોવાથી તેના ભાગરૂપે ડૉ.પિયુષભાઈ મહેતા ના માર્ગદર્શક હેઠળ ગણિત - વિજ્ઞાન વિષયના તાલીમાર્થીઓ દ્વારા વિવિધ પ્રયોગો કરવામાં આવ્યા હતા અને અંતે જરૂરી સૂચના બાદ બીજા દિવસે આનંદમય અને ઉપયોગી માહિતી લઈ અમે સૌ છૂટા પડ્યા હતા.

ત્રીજા દિવસનું બધું જ આયોજન ગ્રુપ નંબર -03 દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રુપ નંબર - 03 દ્વારા PPT presentation દ્વારા વિશેષ પ્રાર્થના કાર્યક્રમનું સરસ આયોજન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ અલિયાબાડાના પ્રાચાર્યશ્રી ડૉ. રૂપલબેન માંકડનો ડૉ. સુમનબેન પંડ્યા દ્વારા પરિચય આપવામાં આવ્યો હતો અને ડાયેટ ના પ્રાચાર્યશ્રી ડૉ. સી.ટી ટૂંડિયા દ્વારા તેઓનું પુષ્પ અને પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. રૂપલબેન માંકડે શિક્ષણની પ્રતિબદ્ધતા ના ક્ષેત્રો (1. વિદ્યાર્થી 2.સમાજ 3.વ્યવસાય 4.ઉત્કૃષ્ટતાની સંપ્રાપ્તિ 5.મૂલ્યો) વિશે ચર્ચા કરી હતી અને તાલીમાર્થીઓના પ્રશ્નના નિરાકરણ બાદ તેઓએ પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

ભોજન લીધા બાદ ગ્રુપ નંબર - 03 દ્વારા Quiz competition નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિજેતા ગ્રુપને ડૉ. સુમનબેન પંડ્યા હસ્તક ઇનામ પણ આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ ખ્યાતિબેન દ્વારા વિવિધ રમતો પ્રવૃતિઓ દ્વારા  રમાડવામાં આવી હતી અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા જૂથભાવના વિકસે તે માટેનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. આમ, અંતે અમારા જ્ઞાનમાં વધારાની સાથે ત્રીજો દિવસ પૂર્ણ થયો હતો. ચોથા દિવસે અમે સૌ શૈક્ષણિક પ્રવાસ અને સંસ્થા મુલાકાત માટે ઉત્તર બુનિયાદી કન્યાશાળા - ભીમોરા ની મુલાકાત લીધી હતી જેમાં બધા તાલીમાંર્થીઓ અને ડૉ .સુમનબેન,ડૉ. પિયુષભાઈ તથા ખ્યાતિબેન પણ માર્ગદર્શક તરીકે હાજર રહ્યા હતા. ડાયેટથી અમે સવારે 06:00 વાગ્યે ભીમોરા જવા નીકળ્યા હતા. વચ્ચે અમે સૌ ચોટીલા - ચામુંડ માતાજીના દર્શન કરીને 10:00 વાગે ભીમોરા પહોંચ્યા હતા. ત્યાંના પ્રાચાર્યશ્રી જાગૃતિબેન દ્વારા સરસ રીતે અમારું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમણે જરૂરી સૂચના આપી અને અમે સૌ પ્રાર્થના ખંડમાં ગયા હતા. ત્યાંની વિદ્યાર્થીનીઓ તથા અમે સૌ તાલીમાર્થીઓ બંનેના સહયોગથી સરસ મજાનો પ્રાર્થના કાર્યક્રમ કર્યો હતો. ત્યારબાદ અમે સૌએ વિશિષ્ટ વાનગી સભર ભોજન લીધું અને ત્યારબાદ ત્યાંના પ્રાંગણની મુલાકાતે ગયા હતા. જેમાં ભીમની ગુફા, ઓઢા બાપા નું મંદિર, ભીમ કાકરી, મહાદેવનું જૂનું મંદિર, ભીમ ની કૂઈ વગેરેની મુલાકાત લીધી હતી અને જાગૃતિબેન દ્વારા તેમના વિશે રસપ્રદ અને સરળ ભાષામાં દરેક જગ્યા નો પરિચય આપવામાં આપ્યો હતો.ત્યારબાદ અમે સૌ ભીમોરાની યાદો સાથે 03:50 વાગ્યે સુરેન્દ્રનગર પરત ફર્યા.

પાંચમા દિવસે સ્વયં પાકનું આયોજન હતું જેમાં ગાજરનો હલવો, પૂરી,  છોલે ચણા,  સલાડ, પાપડ, છાશ, કઢી, પુલાવ વગેરે જેવી વિશિષ્ટ વાનગીઓ બનાવવામાં આવી હતી. ગ્રુપ નંબર - 05 દ્વારા દરેક ગ્રુપને એક - એક વાનગી બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. દરેક તાલીમાર્થીઓ અને અધ્યાપક ના સાથ-સહકાર દ્વારા સરસ રીતે વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી અને 12:30 વાગ્યે વાનગીઓ તૈયાર થઈ ગઈ હતી. સમગ્ર ડાયેટ પરિવાર ભોજન માટે જુગતરામ દવે છાત્રાલયમાં ભેગા થયા અને સૌએ સાથે મળીને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો.

અંતે પોતાના વાસણો જાતે સાફ કરી છૂટા પડ્યા. આમ 'હું છું શિક્ષક' તાલીમ વર્ગ અંતર્ગત સરસ મજાના વક્તવ્યો, પ્રવૃત્તિઓ વગેરે દ્વારા એક યાદગાર તાલીમ વર્ગ પૂર્ણ કર્યો. આ તાલીમ વર્ગ દ્વારા અમે ઘણું બધું જાણ્યું, માણ્યું, તેમજ વિશિષ્ટ અનુભવો મેળવ્યા.

- ડાયટ સુરેન્દ્રનગર

## સંસ્થા સમાચાર

ડાયેટ સુરેન્દ્રનગર દ્વારા છેલ્લા ત્રણ માસ દરમિયાન વિવિધ તાલીમ કાર્યક્રમો થયા. જેની બ્રીફ :

૧ આચાર્ય નવસંસ્કરણ તાલીમ- ૨૩/૧૨/૨૦૨૨ – જેની પ્રેસ નોટ પ્રિન્ટ આ સાથે છે.



સુરેન્દ્રનગર જિલ્લાના સરકારી અને ગ્રાન્ટેડ-ઈન-એઈડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ માટે નવસંસ્કરણ તાલીમ વર્ગ યોજાયો

૨ શાળા મોનિટરીંગ Dt. 7/9/2022: જેમાં ડાયેટ પ્રાચાર્યશ્રી, DPEO, TPEO તેમજ તમામ BRC અને CRC દ્વારા વઢવાણ તાલુકાની વિવિધ શાળાઓમાં બે-બેની ટીમ દ્વારા શાળામાં શૈક્ષણિક નિરીક્ષણ – મોનિટરીંગ અને હેન્ડહોલ્ડીંગ કરવામાં આવેલ.

3 સ્કુલ ઓફ એક્સેલન્સ ગુણોત્સવ તાલીમ : ડાયેટ તેમજ SSA કચેરીના માર્ગદર્શન હેઠળ મોટાભાગના તાલુકાઓના પ્રાથમિક શાળાઓના આચર્યશ્રીઓને આ કાર્યક્રમ હેઠળ એક દિવસીય તાલીમ અપાયેલ. જેમાં ગુણોત્સવ ગ્રેડમાં સુધારો થાય તે અંગે માર્ગદર્શન અપાયેલ.

૪ ધો. ૧ થી 3 અંગ્રેજી તાલીમ – સપ્ટેમ્બર માસ દરમિયાન સમગ્ર જીલ્લામાં ધો. ૧ થી 3 ના તમામ શિક્ષકોને અંગ્રેજી વિષયની તાલીમ આપવામાં આવેલ. જેનું સમગ્ર સંકલન ડૉ.કોમલબેન દ્વારા થયેલ.

૫ ડાયેટની ET શાખા દ્વારા નવેમ્બર-ડીસેમ્બર માસમાં std 8 to 12 English (English medium) feedback workshop યોજાયો.

૬ ધો. 3 થી 8 પ્રશ્નપત્ર નિર્માણ કાર્યશાળા દ્વિતીય સત્ર(તમામ વિષયો) માટે થયેલ. જેનું સંકલન ડૉ.આર ડી પીતળિયા દ્વારા થયેલ.

૭ DLI – ૪ અંતર્ગત જિલ્લાના તમામ શિક્ષકો માટે ધો. 3 થી ૫ ગુજરાતી, પર્યાવરણ અને ગણિત વિષયની તાલીમ તેમજ ધો. ૬ થી ૮ માટે ગણિત-વિજ્ઞાન- ગુજરાતીની તાલીમ થયેલ જેનું સમગ્ર સંકલન ડૉ.કોમલબેન દ્વારા થયેલ.

૮ જાન્યુઆરી ૧૨, ૧૩ ના રોજ જિલ્લા કક્ષાનો ઇનોવેશન ફેર ત્રિમંદિર ખાતે યોજાયો. જેમાં બે દિવસ શૈક્ષણિક-સાંસ્કૃતિક રાત્રિ કાર્યક્રમો પણ થયા. આ ઇનોવેશનમાં કુલ ૯૦૦ થી વધુ શિક્ષકો અને અન્ય વ્યક્તિઓએ મુલાકાત લીધેલ. જેનું સમગ્ર સંકલન ડો. કોમલબેન દ્વારા થયેલ.

૯ ડીસેમ્બર માસમાં GAS-4 (ગુજરાત અચિવમેન્ટ સર્વે) જિલ્લામાં યોજાયો. જેનું સંકલન ડૉ.આર ડી પીતળિયા દ્વારા થયેલ.

૧૦ DRU શાખા દ્વારા સપ્ટેમ્બરમાં નેશનલ રોલ-પ્લે અને ફોક ડાન્સ કોમ્પિટિશન ઝોન સ્પર્ધા થયેલ. જેમાં ૧૩ શાળાઓ ૧૮ શિક્ષકો અને ૭૭ બાળકોએ ભાગ લીધેલ. તેમજ આ શાખા ઓગષ્ટ માસમાં દ્વારા જિલ્લા કક્ષાના કલા ઉત્સવની સ્પર્ધાઓ પણ યોજાઈ. જેમાં વિદ્યાર્થી, શિક્ષક વાલી સહીત ૨૨૨ લાભાર્થીઓ હતા. જેનું સંકલન ડૉ.જી.જે.દવે દ્વારા થયેલ.

૧૧ DRU શાખા દ્વારા શાળા તત્પરતા તાલીમ, આંગણવાડી કાર્યકરોની તાલીમ, તેમજ સ્કુલ ઇન્સ્પેકટર માટે GSQAC અંતર્ગત વર્ષ દરમિયાન સંકલન કરવામાં આવેલ.

૧૨ માર્ચ માસ દરમિયાન કાવ્યાયન-૫, કલા શિક્ષણ, ઇનોવેટીવ પેડાગોજી, ગુણોત્સવ, યોગ શિક્ષણ તાલીમ, ધો. ૫ અંગ્રેજી તાલીમ જેવા વિવિધ કાર્યક્રમો થયા.

13 જિલ્લા/રાજ્ય કક્ષાના વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજાયો જેનું સંકલન ડો. પિયુષ મહેતા દ્વારા કરવામાં આવ્યું

14 જિલ્લા/ઝોન કક્ષાની વાર્તાલેખન/વાર્તાકથન સ્પર્ધા યોજવામાં આવી જેનું સમગ્ર સંકલન ડો. ગાયત્રી બહેન દ્વારા કરવામાં આવ્યું

# ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન-૨૦૨૩













કવિ - પ્રજારામ રાવળ

આપણે આવળ બાવળ બોરડી,
કેસર ઘોળ્યા ગલના ગોટા જી;
હલકાં તો પારેવાંની પાંખથી
મ્હાદેવથીયે પણ મોટાજી,
આપણા ઘડવૈયા બાંધવ ! આપણે.

કોઈ તો રચે છે વેળુ છીપથી,
કોઈ તો જળને હિલ્લોળ જી;
મરજીવો ઊતરે મ્હેરામણે,
માથા સાટે મોતી-મોલ જી.

નજરું ખૂંપી છે જેની ભોંયમાં,
સામે પૂર એ શું ધાય જી !
અધીરા ઘટડાનો ઘોડો થનગને,
અણદીઠ ઓરું એને પાય જી.



બેઠેલાનું બેઠું રહે વિમાસણે,
વેળા જુએ નહિ વાટ જી;
ઝાઝેરો ઝૂક્યો છે આંબો સાખથી,
વેડે તેને આવે હાથ જી.

પંડની પેટીમાં પારસ છે પડ્યો,
ફૂટલાં ફૂટે છે કરંમ જી.
વાવરી જાણે તે બડભાગિયો,
ઝળહળ એના રે ભવંન જી.

(શબ્દો - ગુર્જર કાવ્યધારા)

બુક-પોસ્ટ

To ______________________________

______________________________

______________________________



**રવાના :**
શ્રી ઝવેરચંદ મેઘાણી
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
સુરેન્દ્રનગર